# બાયોલોજી ગ્રુપ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

## ૨૦ તેજસ્વી વિદ્યાર્થીઓ ને મળશે રોબોટિક કન્સોલ ઓપરેટ કરવાની તક

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ૧૭ જૂન ૨૦૧૮ ના રોજ શાહીબાગ ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ મેમોરિયલ માં, ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સ ના બાયોલોજી ગ્રુપ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ પછી ક્યાં ફિલ્ડ માં જવું તે અંગે ના માર્ગદર્શન સેમિનાર નું આયોજન કરાયું છે.

આ સેમિનાર માં શહેર ની પ્રતિષ્ઠિત હોસ્પિટલો ના ટોપ ડોક્ટર્સ વિદ્યાર્થીઓને વર્તમાન અને ભવિષ્યની વિવિધ મેડિકલ ટેક્નોલોજી અને તેમા કારકિર્દી ની તકો અંગે માર્ગદર્શન આપશે. ઉપરાંત બી. જે. મેડિકલ કોલેજના એડમિશન કમિટી ના મેમ્બર પણ વિદ્યાર્થીઓને એડમિશન પ્રોસેસ અંગેની માહિતી પુરી પાડશે.

આ સેમિનાર માં ભાગ લેનારા વિદ્યાર્થીઓ માંથી ૨૦ તેજસ્વી વિદ્યાર્થીઓને રોબોટિક કન્સોલ ઓપરેટ કરવાની તક મળશે. સેમિનાર દરમિયાન વિદ્યાર્થીઓને Live સર્જરી દેખાડવામાં આવશે.

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ ના પ્રેસિડેન્ટ શ્રી આર. એસ. પટેલે વધુમાં જણાવ્યું હતું કે સેમિનાર દરમિયાન સ્માર્ટ સવાલ પૂછનાર ૧૨ વિદ્યાર્થીઓને ટ્રોફી આપવામાં આવશે. આ સેમિનાર તદ્દન ફ્રી છે અને વિદ્યાર્થીઓ ટ્રસ્ટ ની વેબસાઈટ પરથી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. શ્રી આર. એસ. પટેલ ના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી માં ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ રજીસ્ટર કરાવી ચુક્યા છે અને હવે બહુ ઓછી સીટો બચી છે.

અહીં ટ્રસ્ટ નો મુખ્ય ઉદેશ્ય વિદ્યાર્થીઓને એક એવું પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે જ્યાં તેઓ મેડિકલ ફિલ્ડ ની અજાણ બાબતો જાણી શકે અને પોતાને મુંઝવતા સવાલો ના જવાબ મેળવી શકે. ટ્રસ્ટે ૨૦૧૫ અને ૨૦૧૬ માં પણ આ માર્ગદર્શન સેમિનાર નું સફળ આયોજન કરેલું જેમાં ૨૦૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલો અને મેડિકલ ફિલ્ડમાં એડમિશન મેળવેલ છે.

### સેમિનાર ની મુખ્ય બાબતો

- ધોરણ ૧૧-૧૨ સાયન્સ ના બાયોલોજી ગ્રુપ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે
- ટ્રસ્ટ ની વેબસાઈટ પર ફ્રી રજીસ્ટ્રેશન
- ૨૦ તેજસ્વી વિદ્યાર્થીઓ ને મળશે **રોબોટિક કન્સોલ** ઓપરેટ કરવાની તક
- મેડિકલ ફિલ્ડ માં એડમિશન તથા એજ્યુકેશન લોન અંગે ની તમામ માહિતી
- Live સર્જરી નું પ્રસારણ